## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અલ્યાઓ... પહેલા ઝાડ કાપી કાપીને અનર્થ કરો છો પછી મીણબત્તીયુ લઈને... અર્થ અવર ઊજવવા નીકળા છો...?!

# ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને વન વિભાગના સંયુકત ઉપક્રમે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

૫૭મા ગુજરાત ગૌરવ દિનની ઉજવણી નિમિત્તે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને વન વિભાગના સંયુકત ઉપક્રમે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન અમદાવાદ ખાતે વિશ્વ પૃથ્વી દિવસ-૨૦૧૭ની ઉજવણી કરવામાં આવી હતી.

પર્યાવરણ અને જળવાયુ અંગે લોકોને માહિતગાર કરી જાગૃત કરવા તેમજ પર્યાવરણના સંરક્ષણ માટે કયા પગલાં લેવા એ અંગેના સેમિનારમાં વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલે જણાવ્યું હતું કે, રાજયના વન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે એજ્યુકેશન કેમ્પ, તાલીમ, શિબિરનું આયોજન કરીને પર્યાવરણ અંગે જાગૃતિ લાવવામાં આવે છે. વનસૃષ્ટિને બચાવવા માટેના પગલાઓ લેવામાં આવી રહ્યા છે. શહેરીકરણના વધતા પ્રમાણ સામે પર્યાવરણનું બેલેન્સ કરવું આજના સમયમાં ખૂબ જ જરૂરી બની ગયુ છે ત્યારે ઉદ્યોગ ક્ષેત્રે વેસ્ટનો યોગ્ય નિકાલ રિસાયકલ કરીને ગુજરાત સમગ્ર દેશમાં વિશિષ્ટ કામગીરી કરી રહ્યું છે. આ પ્રોજેકટથી સ્વચ્છ ભારત અભિયાન અને નિર્મળ ગુજરાતની કામગીરીને બિરદાવવામાં આવી રહી છે.

# શહેરમાં પારો ઊતર્યો

ગાંધીનગર સહિત રાજયભરમાં મહત્તમ તાપમાનમાં એકાએક ઉલ્લેખનિય ઘટાડો થતા લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળી છે. આજે અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૦થી નીચે પહોંચી ગયો હતો. પાટનગર ગાંધીનગરમાં પણ પારો ગગડીને ૩૯.૪ સુધી પહોંચ્યો હતો. થોડાક સમય પહેલા જ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૩થી પણ ઉપર પહોંચ્યો હતો અને લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા પરંતુ હવે પારો ૪૦થી નીચે પહોંચ્યો છે. તાપમાનમાં આંશિક ઘટાડો થયો હોવા છતાં લોકા હવે ગરમીથી બચવાના પ્રયાસ કરી રહ્યા છે. બપોરના ગાળામાં લોકો બિનજરૂરી રીતે બહાર નીકળી રહ્યા નથી. ગરમીના કારણે બપોરના ગાળામાં રસ્તા બિલકુલ સુમસામ દેખાઈ રહ્યા છે. તીવ્ર ગરમી વચ્ચે પંખા અને એસીનો હવે ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે.

# સે-૩માં ગટરલાઈનના ખોદકામ બાદ માટીના ઢગથી રહીશો ડસ્ટ એલર્જીનો શિકાર

### યોગ્ય માટી પુરાણ સાથે માર્ગ પર જામેલા માટીના થરને દુર કરવા પણ રજુઆત

ગાંધીનગર તા ૨૨

સે-૩ માં વધારાની ગટર લાઈન નાંખવા માટેનુ કામ છેલ્લા એક મહીનાથી ચાલી રહયુ છે. જેના પરિણામે માર્ગ પર માટીના ઢગ પથરાયેલા છે. તંત્ર દ્વારા માટી દુર કરવાની કામગીરી યોગ્ય રીતે ન થતા સ્થાનિક રહીશો છેલ્લા ઘણાં સમયથી હાલાકી વેઠી રહયા છે. માર્ગ પર માટીના થર પથરાયેલા રહેતા સ્થાનિક રહીશો ધુળ ઉડવાના લીધે ડસ્ટ એલર્જીનો ભોગ બની રહયા છે.

સે-૩ માં ગટર લાઈનને અપગ્રેડ કરવાની કામગીરી છેલ્લા એક મહીનાથી હાથ ધરવામાં આવી છે. ગટર લાઈન સંદર્ભે વધારાની લાઈન નાંખવા માટે તંત્ર દ્વારા માર્ગ આસપાસ મોટામસ ખાડા ખોદવામાં આવ્યા હતા. જયારે ખોદકામના અંતે સ્થળ પર મોટામસ માટીના ઢગ ખડકી દેવામાં આવ્યા હતા. જેના અંતે માટી દુર કરી દેવામાં આવી છે. પરંતુ આ કામગીરી યોગ્ય રીતે ન થતા માર્ગ પર માટીના થર પથરાયેલા રહેતા દિનભર વાતાવરણમાં ડસ્ટ ઉડતા સ્થાનિક રહીશો પરેશાન થઈ ગયા છે. જો કે આ ઠેકાણે હજુ કામગીરી ચાલુ છે. પરંતુ તંત્ર દ્વારા માટી દુર કરવાની સાથે ખોદકામ ગીરીના અંતે યોગ્ય પુરાણ સાથે પાણીનો છંટકાવ ન થતા આગામી ચોમાસામાં મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવે તેવી પણ શક્યતા છે.

ત્યારે આ વિસ્તારમાં ગટર લાઈનની કામગીરી પુર્ણ થતા યોગ્ય માટીપુરાણ થાય તેની વિશેષ તકેદારી રાખવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. સેકટરોમાં વારંવાર થતા ખોદકામના અંતે યોગ્ય માટીપુરાણ ન થતા સ્થાનિક રહીશોએ વરસાદી દિવસોમાં જોખમી સ્થિતિનો સામનો કરવો પડે છે. ત્યારે સે-૩ માં છેલ્લા એક મહીનાથી ચાલતી ખોદકામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ થાય તેમજ ચોમાસા દરમિયાન પણ ભયજનક સ્થિતિ ન સર્જાય તેની વિશેષ તકેદારી રાખવાની પણ અનિવાર્યતા છે.



**ચિલોડા ગાંધીનગર માર્ગ પાસે પ્લાસ્ટીક દોરીના હીંચકાનું વેચાણ**

કોણ હલાવે લીંબડીને, કોણ ઝુલાવે પીપળી ભાઈની બેની લાડકીને, ભઈલો ઝુલાવે ડાખળી પંકિતને સાર્થક કરતી કહાની રૂપે ચિલોડા ગાંધીનગર માર્ગ પાસે-સાબરમતી બ્રીજના બંને છેડે પરપ્રાંતિય આંધ્રપ્રદેશના છટક વેપારીબંધુઓ પ્લાસ્ટીકની દોરીના રંગબેરંગી હીંચકાનું વેચાણ કરી આજીવિકા રળી રહ્યા છે. આમ જૂના પુરાણી ગામના ભાગોળે વડલાની લટકતી વડવાઈના હીંચકે ગામના બાળકો બે ઘડી હીંચકો ખાઈને કોણ હલાવે લીંબડીને કોણ ઝુલાવે પીંપળી...ભઈલો ઝુલાવે ડાળખીનું ગીત ગાતાં મોજ મસ્તીનું બાળપણ પસાર કરતા ભૂલકાનો અનોખો શો પૂર્ણ કરતાં ભૂતકાળને વાગોળતા માલુમ પડે છે.

# પંચાયતમાં બદલી-બઢતીનો ગંજીફો ચીંપાયો

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ગઈ મોડી સાંજે ૨૦ જેટલા કર્મચારીઓની બઢતી વ બદલીના હૂકમો કરવામાં આવતાં ખુશીનો માહોલ કર્મચારીઆલમમાં જોવા મળતો હતો. ઘણા સમયથી બઢતીના હૂકમોની રાહ જોવાતી હતી. નાયબ ચીટનીસ સંવર્ગમાં બઢતીના હૂકમો સાથે બદલીના પણ હૂકમ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૭ જેટલા તલાટીઓને સર્કલ ઓફિસર તરીકે બઢતીના હૂકમો જારી કરવામાં આવ્યા છે.

હજુ જુ. ક્લાર્કમાંથી સિનીયર ક્લાર્ક અને ગ્રામસેવકમાંથી વિસ્તરણ અધિકારી સંવર્ગમાં બઢતીના હૂકમો આગામી સપ્તાહમાં થશે તેમ મનાઈ રહ્યુ છે. પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જુ. ક્લાર્ક અને તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થઈ આવેલા ઉમેદવારોની નિમણુંકો પણ હવે પછી કરવામાં આવશે તેમ પંચાયતના સૂત્રોએ જણાવ્યુ છે.

| નામ | હાલની જગ્યા | નવી જગ્યા |
|---|---|---|
| પ્રકાશ મેવાડા | ના. ચીટનીસ વિકાસ | ના. ચીટનીસ મહેકમ-૧ |
| સંજય ચૌહાણ | ના. ચીટનીસ વિકાસ | ના. ચીટનીસ મહેકમ-૩ |
| પ્રકાશ પરમાર | ના. ચીટનીસ મહેકમ-૩ | ના.તા.વિ.અ. કલોલ |
| સરજુ જેઠવા | ના.ચીટનીસ મહેસુલ-૨ | ના. ચીટનીસ વિકાસ |
| એમ.સી. ચૌહાણ | ના.વી.મહેકમ-૨ | ના. ચીટનીસ મહેસુલ-૧ |
| પંચાલ | ના. ચીટનીસ આરોગ્ય | ના. ચીટનીસ વિકાસ |
| રમીલાબેન | ખેતીવાડી શાખા | આરોગ્ય શાખા |
| બાબુભાઈ પરમાર | આરોગ્ય | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી |
| ઉપાધ્યાય | કલોલ | ના. ચીટનીસ કલોલ |
| આર.એલ. ચૌધરી | ના. ચીટનીસ માણસા | ના. ચીટનીસ માણસા |
| ડાહ્યાલાલ પરમાર | મેલેરીયા પ્રભાગ આરોગ્ય | ના. ચીટનીસ મહેસુલ-૨ |
| એ.જે. શાહ | મહેકમ-૧ | પ્રમુખશ્રીના કાર્યાલયમાં |
| મીનાબેન પટેલ | ડી.આર.ડી.એ. | કચેરી અધિક્ષક મહિલા બાળ વિકાસ |

# શહેરના કોર્મશિયલ કોમ્પલેક્ષ નજીક પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડીંગો

ગાંધીનગર તા ૨૨

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશના અંતે પણ સેકટરોમાં પાર્કીંગ પ્લેસ પર દબાણો જોવા મળી રહયા છે. જેમાં ખાસ કરીને નગરના કોર્મશિયલ કોમ્પલેક્ષ આસપાસ સ્થિત પાર્કીંગના ઠેકાણે દબાણો ગોઠવાતા સાંકડા સર્વિસ રોડ પર ટ્રાફિક જામની સમસ્યાને નિવારી શકાઈ નથી. કોર્મશિયલ કોમ્પલેક્ષ નજીક આમપણ પાર્કીંગ પ્લેસની જગ્યા પર્યાપ્ત નથી ત્યારે ઉપલબ્ધ જગ્યામાં પણ દબાણો ગોઠવાતા પાર્કીંગ સેન્સના નામે પણ મીંડુ ચિતરાયુ છે.

શહેરમાં દબાણો દુર કરવા માટે અવારનવાર ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જો કે દાયકાઓ જુની આ પ્રથાના અંતે પણ નગરમાં નજરનાંખો ત્યાં દબાણોનુ અસ્તિત્વ જોવા મળી રહયુ છે. જેના લીધે દબાણ ઝુંબેશ વખતોવખત નાટકીય પુરવાર થઈ હોવાનો આક્રોશ આમ નાગરિકોના માનસમાં ઘર કરી ગયો છે. દબાણ કર્તાઓ માટે વૈકલ્પિક વ્યવસ્થાનો અભાવ પણ દબાણની બિનઅસરકારક કામગીરી માટે જવાબદાર છે. નગરમાં હમણાં દબાણકર્તાઓ તંત્રની ઝપટે ચઢયા છે. પરંતુ શહેરના પાર્કીંગ પ્લેસ પર દબાણો યથાવત જોવા મળી રહયા છે. જેના લીધે સાંકડા માર્ગો પર માર્ગ વચાળે જ વાહનોનો ખડકલો થયેલો જોવા મળે છે. સે-૧૬ અને સે-૧૧ માં પાર્કીંગ પ્લેસ પર દબાણો ગોઠવાઈ જવાની સમસ્યા જુની અને પેચીદી બની છે. સમયાંતરે હાથ ધરાતી ઝુંબેશ દરમિયાન આ દબાણો અદ્રશ્ય થઈ જાય છે .પરંતુ પુન : યથાસ્થાને ગોઠવાઈ જતા આ સમસ્યાનુ કાયમી નિરાકરણ આવતુ નથી. કોર્મશિયલ કોમ્પલેક્ષ નજીક સ્થિત પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડીંગો જોવા મળે છે. જેના લીધે સાંકડા સર્વિસ રોડ પર વાહનોનો ખડકલો થાય છે. સે-૧૬ માં સર્વિસ માર્ગ પર આ સ્થિતિના લીધે ટ્રાફિકને લગતી અનેક સમસ્યાઓ નાગરિકો માટે પરેશાનીનુ કારણ બની છે. ત્યારે લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પર દબાણોના સ્થાને વાહનો પાર્ક થાય તે માટે યોગ્ય પગલા લેવા અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

# બ્રહ્મસમાજ દ્વારા આજે શહેરમાં સમૂહ યજ્ઞોપવિત અને લગ્નોત્સવ

### ૩૬ બટુકો યજ્ઞોપવિત ધારણ કરશે ૧૩ યુગલો પ્રભુતામાં પગલાં માંડશે

ગાંધીનગર, તા.૨૨

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૩ એપ્રિલના રોજ દ્વિતીય સમુહ યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ અને લગ્નોત્સવનું આયોજન તા. ૨૩ એપ્રિલ રવિવારના રોજ કરવામાં આવ્યું છે. બ્રહ્મભવન, સે-૧૬ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ૩૬ બટુકો યજ્ઞોપવિત ધારણ કરશે અને ૧૩ યુગલો પ્રભુતામાં પગલાં માંડશે.

આ કાર્યક્રમ અંતર્ગત સવારે ૭ કલાકે ગણેશ સ્થાપન સાથે યજ્ઞોપવિત કાર્યક્રમનો પ્રારંભ થશે. ૭.૩૦ કલાકે મંડપ મુહુર્ત અને ગ્રહશાંતિ તથા ૯ કલાકે યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ યોજાશે અને બપોરે ૧૨ કલાકે બટુકયાત્રાનું આયોજન કરાયું છે. ૩૬ બટુકો યજ્ઞોપવિત ધારણ કરશે. આ પ્રસંગે સવારે ૧૦.૩૦ કલાકે યોજાનાર સંસ્કાર સમારંભમાં અધ્યક્ષસ્થાને રાજયકક્ષાના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી તથા મુખ્ય મહેમાન તરીકે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે અને બટુકોને ભુવનેશ્વરી પીઠ ગોંડલના આચાર્ય ઘનશ્યામજી મહારાજ તથા ગૌસેવા આયોગના ઉપાધ્યક્ષ ચૈતન્ય શંભુ મહારાજ આશીર્વચન આપશે. જયારે સાંજે ૫ કલાકે વરઘોડા સાથે લગ્નોત્સવ કાર્યક્રમનો પ્રારંભ થશે. સાંજે ૭ કલાકે હસ્તમેળાપ યોજાશે અને સત્કાર સમારંભમાં પૂર્વ ડીજીપી પી. પાંડેય અધ્યક્ષસ્થાને તેમજ મુખ્ય મહેમાન તરીકે પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસ અને અર્ચના સૌરીન દવે સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સમુહ લગ્નોત્સવમાં ૧૩ યુગલો પ્રભુતામાં પગલા માંડશે જેમને ચુંદડીવાળા માતાજી (અંબાજી) આશીર્વચન આપશે. સમાજના દરેક પરિવારોને સમુહ યજ્ઞોપવિત અને લગ્નોત્સવમાં ઉપસ્થિત રહેવાનું પ્રમુખ પિનાકીન રાવલ અને મહામંત્રી નરેશ દવે દ્વારા જણાવાયું છે.






શહેરના ક-માર્ગ પર ગોકુલપુરા ગામની સીમમાં સમી સાંજે બે ગાડીઓ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. મારૂતી ફ્રન્ટીમાં પરિવાર સાથે કડીના કિરીટભાઈ ભટ્ટ જઈ રહ્યા હતા ત્યારે ગોકુલપુરા પાસે બમ્પ આવતા ફ્રન્ટીને તેમણે બ્રેક મારી હતી. પાછળથી ધસમસતી આવતી હ્યુન્ડાઈની ગાડીએ ફ્રન્ટીને ટક્કર મારી દેતા ફ્રન્ટી ૧૦ થી ૧૫ ફૂટ સુધી ઢસડાઈ હતી. ફ્રન્ટીમાં સવાર કિરીટભાઈની દિકરીને માથે ઈજાઓ થતા હાઈટેક હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાઈ હતી.

# આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ સંસદના રાષ્ટ્રીય અધ્યક્ષ સંતોષ શુકલા ગુજરાતની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૨

આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ સંસદના રાષ્ટ્રીય અધ્યક્ષ સંતોષ શુકલા ૨૦/૪, ૨૧/૪ ગુજરાતની ટુંકી મુલાકાતે આવેલા. મુલાકાત દરમ્યાન શુકલાએ ગુજરાત પ્રાંતના હોદ્દેદારો સાથે રાષ્ટ્રીય સચિવ અશ્વિન ત્રિવેદીના નિવાસસ્થાને મુલાકાત યોજી. બ્રહ્મ સંગઠન તથા આગામી કાર્યક્રમ અંગે વિસ્તૃત ચર્ચા કરેલ. આગામી તા. ૨૯-૪-૧૭ના રોજ ઈન્દોર ખાતે ૨૫ હજાર બ્રહ્મબંધુઓ સંગઠન શક્તિનું પ્રદર્શન કરી પરશુરામયાત્રા યોજી વર્લ્ડ બુક ઓફ રેકર્ડમાં સ્થાન મેળવશે. વર્લ્ડ રેકર્ડની ટીમ દ્વારા પરિક્ષણ કરી સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાતમાંથી મોટી સંખ્યામાં બ્રાહ્મણો ઉપસ્થિત રહેશે.

આગામી ૩૦મીના રોજ અખિલ ભારત અવદિ સમાજમાં સવાસોમી જયંતી નિમિત્તે અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ૩૦ હજાર બ્રહ્મ પરિવાર ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સંતોષ શુકલા ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

અશ્વિન ત્રિવેદીના નિવાસસ્થાને યોજેલ બેઠકમાં ગુજરાતના હોદ્દેદારો સર્વ શૈલેષ શુકલા, ભૂપેન્દ્ર શુકલા, રાજુભાઈ ઠાકર, સુચીત્રા શુકલા, અર્પણા શુકલા તથા યુવા અધ્યક્ષ હિરેન ત્રિવેદી ઉપસ્થિત રહી આગામી કાર્યક્રમ અંગે માર્ગદર્શન મેળવેલ તથા બ્રહ્મ સંગઠન માટે પોતાની કટિબદ્ધતા દર્શાવેલ. શુકલાજીનું સ્વાગત અખિલ ભારતીય બ્રાહ્મણ એકતા પરિષદના ગુજરાત પ્રાંત યુવા અધ્યક્ષ દિવ્ય ત્રિવેદીએ કરેલ. આ પ્રસંગે ગાંધીનગર સ્થિત હર્ષદભાઈ બ્રહ્મભટ્ટની શુભેચ્છા મુલાકાત લીધેલ. શુકલાજીની મુલાકાતથી કાર્યકરોમાં ઉત્સાહમાં વધારો થતા આગામી દિવસોમાં બ્રહ્મ સંગઠન મજબૂત થશે.


